Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીનું પત્રકારત્વ

**દરજી વિકાસ એ.**
M.A.Sem 4(ઇતિહાસ વિભાગ), એમ. એન. કૉલેજ, વિસનગર, તા.- વિસનગર, જિ.- મહેસાણા

ગાંધીજી વિશે ખૂબ કહેવાયું અને લખાયું છે. એક આધ્યાત્મિક સંત પુરુષ તરીકે તેઓ જાણીતા છે, તો તેમની પ્રતિભા ભારતને સ્વરાજ મેળવી આપનાર રાજનીતિજ્ઞ રૂપે પણ જાણીતી છે. ગાંધીજી ખૂબ સારા લેખક હતા.તેમણે લેખનની એક આગવી અસરકારક શૈલી કેળવી હતી, જેની વિશેષ અસર તે સમયના વર્તમાનપત્રો ઉપર પણ પડી. પત્રકારત્વના માધ્યમથી શિક્ષણ સમાજ અને સત્યાગ્રહની લડતમાં તેમણે અગત્યનું યોગદાન આપ્યું તેમજ લોક ઘડતરમાં પણ ફાળો આપ્યો. ગાંધીજીએ હિંદમાં ૧૯૧૯ માં પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો તે પહેલા તે દક્ષિણ આફ્રિકામાં ‘ઇન્ડિયન ઓપીનીયન’ ચલાવતા હતા.

ગાંધીજીનું રાષ્ટ્રીય પત્રકારિતામાં જેટલું યોગદાન છે તે ભારતને આઝાદી અપાવવાના યોગદાન જેટલું જ ઉલ્લેખનીય અને નોંધપાત્ર છે. દેશની સ્વતંત્રતાની સાથે સાથે પ્રેસની સ્વતંત્રતા પર પણ તેમને લેખન કાર્ય કરેલું છે, પત્રકારત્વના તમામ ગુણો તેમનામાં હતા. સત્ય અને અહિંસા પછી તેમનું ત્રીજું હથિયાર એ અખબારો હતા. અને પત્રકારત્વ એમનો વ્યવસાય ન હતો પણ જન સેવાનું એમને માટે એક સાધન બન્યું. વર્તમાનપત્રો ચલાવવા માટે એમણે શરૂઆતથી જ ચોક્કસ વિચારસરણી કેળવી હતી. ગાંધીજી ગુજરાતી ભાષાના લેખો વાચકોના શિક્ષણને ધ્યાનમાં લઈને જ 'ઇન્ડિયન ઓપીનીયન'મા લખતા હતા. વળી ત્યાં કમાણી માટે ગયેલા લોકોમાંથી ઘણા ખરા તો ખૂબ જ ઓછું ભણેલા હતા તેથી આમ સમુદાય આસાનીથી સમજી શકે એવી સરળ ભાષામાં એમને પોતાનું વક્તવ્ય રજૂ કરવું પડતું. એમાંથી સાદી, વિશદ, સરળ રૂઢિપ્રયોગ યુક્ત એવી શૈલી ઘડાઈ. આમ ગાંધીજીની શૈલી જનતાને લક્ષમાં રાખીને ઘડાઈ.[1]

તેમનામાં સ્વતંત્ર લેખો લખવાની હિંમત અને વિવેક શક્તિ અતિશય વિશ્વાસપાત્ર હતી 'ઇન્ડિયન ઓપીનિયન' માં તે પ્રતિ સપ્તાહ પોતાનો આત્મા રેડતા અને તે જે સત્યાગ્રહને ઓળખતા તે સમજાવવા તેઓ પ્રયત્ન કરતા.[2] વિચારોને ફેલાવવા માટેનું પ્રબળ અને અસરકારક માધ્યમ વર્તમાનપત્રો છે, એ ગાંધીજી સારી રીતે જાણતા હતા. પત્રકારત્વ એ તેમના માટે ધન અર્જીત કરવાનું સાધન ન હતું પરંતુ સત્યની સેવા, લોક કલ્યાણની ભાવના તેમજ સત્યાગ્રહની લડતોમાં દેશ માટે ઉપયોગી બનવાનો તેમાં ઉદ્દેશ હતો.

---
[1] ગાંધીજીનું સાહીત્ય, રમણ મોદી , પૃ. ૨૯૪.
[2] સત્યના પ્રયોગો(આત્મકથા), ભાગ ૪ , પૃ. ૨૬૧,૨૬૨.

દક્ષિણ આફ્રિકામાં જ્યારે તેઓ 'ઇન્ડિયન ઓપિનિયન'ના તંત્રી પદે હતા ત્યારે ગાંધીજી જાતે છાપાનું બધું કામ શીખી લીધું. બાપુ માનતા હતા કે દરેક તંત્રીએ દરેક કામ પૂરેપૂરું જાણવું જોઈએ, અને એ રીતે ગાંધીજીએ તંત્રી માટે એક આદર્શ પૂરો પાડ્યો. માત્ર પાનાં ભરે તે તંત્રી નહીં, પણ વખત આવે પાના લઈને એને છાપીને પ્રગટ કરવાની બધી કામગીરી એને આવડવી જોઈએ.[3]

1914 સુધી તેમણે ભાગ્યે જ કોઈ એવો અંક હતો કે તેમાં તેમણે લેખ ન લખ્યો હોય. અતિશયોક્તિ વાળા અને કોઈનું મહિમા મંડન કરનારા લેખો લખવાથી તેઓ છેટા રહેતા અને આ તેમના સંયમની તાલીમ હતી. જેને કારણે તેમની ટીકા કરવી એ પણ ટીકાકારો માટે મુશ્કેલ હતી. વર્તમાન પત્રો સેવાભાવથી જ ચાલવા જોઈએ તેવું તેમનું દ્રઢપણે માનવું હતું તેમજ તેઓ પત્રકારત્વની નીરંકુશ્તાના પણ વિરોધી હતા.[4]

ગાંધીજીનું દ્રષ્ટિબિંદુ મહાન આશાવાદી હતું, એટલે તેઓ માનવીના આત્મસંસ્કારને દ્રઢાવવાની અને કેળવણીની દ્રષ્ટિએ પોતાના પત્રોમાં લખતા. ગાંધીજીનો પોતાનો વિકાસ જે રીતે શક્ય બન્યો તે જ રીતે બધાને થઈ શકે છે, એવી માન્યતા તેઓ ધરાવતા. 'ઇન્ડિયન ઓપીનિયન' દ્વારા ત્યાંની જનતાને કેળવતા તેમજ સંસ્કારોને દ્રઢાવતા લેખો તેઓ લખ્યા કરતા. ગાંધીજી પોતાના વિચારોમાંથી કોઈપણ પ્રકારની ગેરસમજ થઈ હોય તો તેને દૂર કરવા સ્પષ્ટ અને લાંબા લખાણો લખતા. [5]

ગાંધીજીએ હિંદમાં ૧૯૧૯ માં પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો, છાપાના માધ્યમથી પ્રજાને સત્યાગ્રહની તાલીમ આપવાનો યથાશક્તિ આરંભ કર્યો. જેમાં 'ક્રોનિકલ', 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' વર્તમાનપત્રો નું વિશેષ યોગદાન રહ્યું. એમાં પણ ખાસ કરીને 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' ની ખપત ખૂબ જ વધતી જતી હતી. જલિયાવાલા હત્યાકાંડ વખતે ગાંધીજી તે વખતની પંજાબની સ્થિતિને ધ્યાનમાં રાખી સવિનય ભંગનો આરંભ ન કરી શક્યા પરંતુ 'નવજીવન' અને ' યંગ ઇન્ડિયા' મારફતે પ્રજાની ઠીક સેવા કરી અને લશ્કરી કાયદા ના જુલમને હળવો કરવામાં ફાળો ભર્યો.

'નવજીવન' શરૂ કર્યા પહેલા 'યંગ ઇન્ડિયા'માં એમના લેખો છપાતા. ૨૪/૪/૧૯૧૯ના અંક ઉપર લંબાણથી ટીકા કરી પત્રકારની સાધન સંપત્તિ ઉપરનું ઊંડાણથી ચર્ચા કરતો પત્ર એમણે એક સાથીને લખ્યો, એમાં એમણે જણાવ્યું કે " 'યંગ ઇન્ડિયામાં' વિષયની વિવિધતા નહીં આવે તેથી તે ઉતરતું નથી દેખાવાનું પણ વિષયોની પસંદગીમાં મૌલિકતા નહીં હોય, હકીકતોની ચોકસાઈ નહીં હોય અને વિવેચનમાં બળ નહીં હોય તો જરૂર ક્ષુદ્ર લેખાશે. ચોક્કસ, મૌલિક અને સામર્થ્ય વાળા થવા માટે તમારે ઊંડા અભ્યાસી બનવું પડશે ત્યારે જ પોતાને

[3] મહાત્મા ગાંધીજી (ઉત્તરાર્ધ),અંબાલાલ નારણજી જોશી, પૃ.૧૬૨.

[4] સત્યના પ્રયોગો(આત્મકથા), ભાગ ૪ , પૃ. ૨૬૨,૨૬૩.

[5] ગાંધીજીનું સાહીત્ય, રમણ મોદી , પૃ. ૨૯૫.

વિશે તમારામાં જ્ઞાનપૂર્વક નો વિશ્વાસ આવશે. વિષયોની સંખ્યા ઉપર ધ્યાન ન આપતા વિશેના ઊંડાણમાં જાઓ વિષયની આસપાસ ફરી વાળો, વિષયની અંદર ફરી વાળો, વિષયનો પાર પામો અને 'યંગ ઇન્ડિયા'ના પાના તમે જીવંત બનાવશો".[6]

ગાંધીજી માનતા કે સરકારની ટીકા કરવી એ પ્રજાનો અધિકાર હોવો જોઈએ એટલે જ ૧૯૧૯ માં પ્રેસ એક્ટનો ભંગ કરવા એમણે સરકારી નોંધણી વગરનું 'સત્યાગ્રહ' નામનું વર્તમાન પત્ર રજૂ કરેલું અને તમામ લોકોને તેની નકલ કરી તેનો પ્રચાર કરવાનો આગ્રહ સેવેલો. ગાંધીજીએ લખ્યું હતું કે "સિક્યુરિટી કે શરીર બચાવવા ખાતર કહેવાનું કહેતા આંચકો 'નવજીવન' નહીં જ ખાય પણ સત્ય કહેતા વિનયનો ત્યાગ નહીં હોય; 'નવજીવન'માં ક્યાંય વગર વિચાર્યું વાક્ય નહીં હોય, નકામો વિશેષણ નહીં થાય; ખરું જોતા સત્યને વિશેષણના શણગારની જરૂર હોતી નથી. શુદ્ધ હકીકતમાં જે કળા છે તે નકામા વિશેષણોથી ખરડાયેલી હકીકતોમાં નથી જ હોતી". આ કથનમાં ગાંધીજીના નિર્ભય, સત્ય નિષ્ઠ તેમજ દૂષણ રહિત પત્રકારત્વના દર્શન થાય છે. તેમજ જે પ્રકારે વર્તમાનમાં સમાચાર જગતમાં લોકોને સમાચારો પીરસવાની જે પદ્ધતિ છે તેને પણ પડકારે છે. અને આમાં તેમની પત્રકાર તરીકેની વિશેષતા દ્રષ્ટિગોચર થાય છે.

ગાંધીજીના મતે "છાપાની વિચારસ્વતંત્રતા જાળવવા માટે જાહેર ખબરોને તેમાંથી બાકાત રાખવી જ યોગ્ય છે." [7] તેમણે જાહેર ખબરો વિશે 'નવજીવન'ના બીજા અંકમાં એક લેખ આપ્યો, તેમાં તેઓએ જાહેરખબરો ઉપર આકરી ટીકાઓ કરી. આ અંકમાં તેમણે જાહેર ખબરોના બધા દૂષણો રજૂ કર્યા અને જાહેર ખબર આપનાર પત્રકાર સામે એના ભયસ્થાનો સૂચક રીતે રજૂ કર્યા. તેમણે જણાવ્યું કે જાહેરાતોને કારણે જ વસ્તુઓની કિંમતમાં વધારો થાય છે.

ગાંધીજીએ વર્તમાનપત્રોનો નવો જ આદર્શ 'નવજીવન' દ્વારા રજુ કરી દીધો. ભાષા ભારેખમ નહીં પણ સરળ ખેડૂત અને વણકરને પણ સમજાય એવી, લખાણો સાહિત્યિક નહીં, છતાં વિચાર રજૂ કરનારા અને પ્રજા કેળવણીને લક્ષમાં રાખીને આમ જનતાને ઉપયોગી થાય એવા. આમ એમણે ગુજરાતી વૃતપત્રોમાં ધીમી પણ દ્રઢ અને ચોક્કસ ક્રાંતિ શરૂ કરી.નનામા લેખો કે કાગળો લખનારને પણ ગાંધીજીએ ચેતવેલા અને કહેલું કે "આપણા વિચારો દર્શાવતા આપણે ડરવું કે શરમાવવું ન જોઈએ" ગમે તેવા અસાધારણ સંજોગોમાં ગાંધીજીએ પોતાની સ્વસ્થતા નહોતી છોડી. હલકી ભાષા કે દ્વેષનો એમની ભાષામાં સદંતર અભાવ હતો. [8] આમ પત્રકારની જવાબદારીનું સચોટ ભાન અને હલકી મનોવૃત્તિની તીલાંજલી આપવાની એમની ઉત્કટતા એમને પત્રકાર તરીકે ઉજ્વળ કારકિર્દી અપાવે છે.પત્રકારના હોદ્દાને તેઓ સેવાભાવી ન્યાયાધીશ નો હોદ્દો માનતા.સત્ય, નિર્ભયતા, સાદગી, સદભાવ

---

[6] મહાદેવભાઇ ની ડાયરી, ભાગ ૪
પૃ. ૧૦૮,૧૦૯.

[7] સત્યના પ્રયોગો(આત્મકથા), ભાગ ૫ , પૃ. ૪૩૬.

[8] ગાંધીજીનું સાહીત્ય, રમણ મોદી , પૃ. ૩૦૦,૩૦૨.

અને સહિષ્ણુતા ઉપરાંત નૈતિક અને આધ્યાત્મિકતા પણ ગાંધીજીના પત્રકારત્વને વધારે તેજસ્વી બનાવે છે.

૧૯૩૦ ના સત્યાગ્રહ વખતે પ્રતિબંધોને માન્ય કરવા કરતા એમણે ‘નવજીવન’ અને ‘યંગ ઇન્ડિયા’ બંધ કરેલા. ત્યાર પછી બંને પત્રો નવા નામે શરૂ થયા નવજીવન ‘હરીજનબંધુ’ને નામે અને યંગ ઇન્ડિયા ‘હરીજન’ને નામે. વળી ૧૯૪૦ માં વ્યક્તિગત સત્યાગ્રહ વખતે પણ એમના પત્ર ઉપર પ્રતિબંધ મુકાયો ત્યારે એમણે આ પત્રોનું પ્રકાશન બંધ કરેલું. ૧૯૪૧ માં પાછું પ્રકાશન શરૂ થયું અને ૧૯૪૨ માં જ્યારે અંગ્રેજોને હિંદમાંથી ચાલ્યા જવા માટે પડકાર ફેંકાયો અને ક્રાંતિની જ્વાળા ફેલાઈ તેથી ૧૯૪૨ ના આંદોલન વખતે પણ પ્રકાશન બંધ થયું ૧૯૪૬ માં જેલમાંથી છૂટ્યા બાદ પ્રકાશન શરૂ થયું ને એમના મૃત્યુ સુધી એ પત્રો એમને ચલાવેલા.[9] દેશમાં ચાલી રહેલા સામાજિક આર્થિક મુશ્કેલીઓની ચર્ચા કરવા ‘હરીજન’ સાપ્તાહિક ચાલુ કર્યું તેની સાથે ગુજરાતીમાં ‘હરીજનબંધુ’ અને હિન્દીમાં ‘હરીજન સેવક’ સમાચાર પત્રો ચાલુ કર્યા હતા. આ સાપ્તાહિકમાં ક્યારેય રાજકારણને લગતો લેખ પ્રસિદ્ધ થયો ન હતો.

ગાંધીજીએ એમના પત્રમાં ઘણા નવા તત્વ દાખલ કર્યા હતા, તેમાંનું એક હતું પ્રશ્નપેટી. કોઈ પણ વાચક ગમે તે પ્રશ્ન ગાંધીજીને પૂછી શકે અને તેનો ગાંધીજી પત્રમાં એને માટે ખાસ અલગ રાખેલી જગ્યામાં ઉત્તર, પ્રશ્ન પૂછનાર નું નામ જણાવ્યાં વિના આપતા. આથી એમના પત્રો ઘણા લોકપ્રિય થયાં.[10] તેમના લેખન કાર્ય પરથી આપણને તેમના વિશાળ વાંચનની પ્રતીતિ થાય છે. તેમજ તેમના વર્તમાન પત્રોએ સ્વતંત્રતાની ચળવળોને પણ પ્રેરણા આપી. એક દ્રષ્ટિએ કહીએ તો ગુજરાતમાં જે ક્રાંતિની ભાવના, નવી વિચારસરણી અને કાર્ય શક્તિ આવ્યા તેનો મોટો ફાળો ‘નવજીવન’ને જાય છે અને હિંદમાં ક્રાંતિની ભાવના ફેલાવવાનો યશ ‘યંગ ઇન્ડિયા’ ને ફાળે જાય છે.[11] ગાંધીજી માનતા કે એક પત્રકારનું કામ લોકોને બહાદુર બનતા શીખવવાનું છે, તેમનામાં ગભરાટ ફેલાવવાનું નહીં.

૧૯૧૯ થી ૧૯૪૮ સુધીના ગાળામાં અનેક પ્રવૃત્તિઓમાં રત રહેવા છતાં ગાંધીજીએ જે વિપુલ લખાણ કર્યું છે તે આપણને આશ્ચર્યમુગ્ધ કરે છે. વળી એમના લખાણોમાં છેકછાક કે ડાઘા ભાગ્યે જ જોવા મળતા. વિચારોની સ્પષ્ટતા હોય, તેને પોતાના લખાણોમાં છેકછાક કરવાનો પ્રસંગ ન આવવો જોઈએ એમ તેઓ માનતા.[12] પત્રકાર સાચી જનસેવા શી રીતે કરી શકે તે એમણે પોતાના પત્રો દ્વારા દર્શાવ્યું. અંગ્રેજી હિન્દી તથા ગુજરાતી સાહિત્યમાં પત્રકાર તરીકે ગાંધીજીનું સ્થાન અદ્વિતીય છે. કાકા સાહેબ કાલેલકરના શબ્દોમાં કહીએ તો લોકસેવક, લોકપ્રતિનિધિ, લોકનાયક અને લોકગુરૂ એમ ચતુર્વિધ પદવી પત્રકાર તરીકે ભોગવી હતી અને લોક શિક્ષણના

[9] એજન પૃ. ૩૦૪.

[10] મહાત્મા ગાંધીજી (ઉત્તરાર્ધ),અંબાલાલ નારણજી જોશી, પૃ. ૧૬૯.

[11] એજન ૧૬૯.

[12] ગાંધીજીનું સાહીત્ય, રમણ મોદી , પૃ. ૩૦૩.

આચાર્ય, બ્રાહ્મણોના બ્રાહ્મણ અને ચારણોના ચારણ તેઓ બન્યા હતા.

**<u>સંદર્ભસૂચિ</u>**


1. સત્યના પ્રયોગો (આત્મકથા), મોહનદાસ ગાંધી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
2. ગાંધીજીનું સાહીત્ય , રમણ મોદી , નવજીવન પ્રકાશન મંદિર , અમદાવાદ.
3. મહાત્મા ગાંધીજી , અંબેલાલ નારણજી જોશી , પ્રથમ આવૃત્તિ, ગૂર્જર ગ્રથરત્ન કાર્યાલય, અમદાવાદ.
4. મહાદેવભાઇની ડાયરી, નરહરિ પરીખ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ .